સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દેશની શાંતિ ચૂંટણીઓમાં ચૂંથાઈ જાય છે,
- ને ઐક્ય પ્રાદેશિક પક્ષોમાં જૂથાઈ જાય છે,
રૂંધાઈ જાય છે રાષ્ટ્રીય - વિકાસની વ્યવસ્થા,
- ને રાષ્ટ્રભક્તિ ભ્રષ્ટાચારમાં ગૂંથાઈ જાય છે...
(સતત ચૂંટણીઓનું વાતાવરણ)

હાઈકુ

બન્યું જરૂરી,
આપ ખૂદ સત્તાનું
હવે સેન્ટર!!
(કોર્ટનું - સેન્સર બોર્ડ)

'અચ્છે દિન'નાં
મડદાં પર છાંટે -
મંત્રોનું પાણી!!
(સાત મંત્રો!!)

ચિંતન

યથા યથા હિ પુરુષઃ કલ્યાણે કુરુતે મનઃ ।
તથા તથાસ્ય સર્વાર્થાઃ સિદ્ધન્તે નાત્ર સંશયઃ ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવ્યો છે, જેમ જેમ પુરુષ કલ્યાણ કરવામાં મન લગાવે છે તેમ તેમ એના સર્વ કાર્યો સિદ્ધ થતા જાય છે. એમાં કોઈ સંદેહ નથી.

કલ્યાણ કરનાર કોઈ પણ દુર્ગતિને પામતું નથી.

'રામચરિત્ર માનસ'માં કહ્યું છે 'સીયારામ મય જગ જાની કરઉં પ્રનામ સબ પ્રાની' માણસની દૃષ્ટિ હકારાત્મક બની જાય પછી એને કોઈમાં પણ - કોઈનો દોષ દેખાતો નથી. બધા પ્રત્યે સદ્‌ભાવ - પ્રેમ જન્મે છે પરિણામે એની અસર આપણા આચરણ અને સ્વભાવ ઉપર પડે છે. માણસ પોતે - જાતે સુધરે અને સૌનું કલ્યાણ ભલું વિચારતો થાય પછી એનું કોઈ કશું જ બગાડતું નથી. બગાડી શકે જ નહીં.

સુવિચાર

- સૌથી જોખમી બાબત છે, જોખમ રહિત જીવન - **સ્ટીફન કોવી**
- આપણી બધી જ મર્યાદાઓ આપણે જાતે જ પોતાના ઉપર થોપેલી હોય છે - **જેકફિલ્ડ**
- સફળતાનો માપદંડ તમે શું સિદ્ધ કર્યું તેનાથી નહીં પણ તમે જે વિરોધ સહન કર્યા હોય અને જે તકલીફના સમયે જે હિંમત જાળવી હોય તેના આધારે માપી શકાય - **રોબિન શર્મા**
- તમારા સ્વપ્નો ઈચ્છા અને નિરાશાનું સંચાલન તમારી સફળતા નક્કી કરે છે - **અકિયો કુરુસાવા**
- કૃતજ્ઞતા એક અદ્‌ભૂત ભાવ છે, તે તમને તમારામાં રહેલ ઈશ્વર સાથે જોડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારે કોઈ પણ સાથે હરિફાઈનો સામનો કરવાનો આવશે તો તે તમારા અજ્ઞાન સાથે હશે - **નેપોલિયન હિલ**
- નિષ્ફળતાની ચિંતા ન કરો, પ્રયત્ન ન કરીએ ગુમાવેલી તકોની ચિંતા કરો - **દીપક ચોપરા**
- આજનું ઔષધ : નીલગિરિનાં પાન નાખી પાણીની વરાળનો નાસ લેવાથી આધાશીશીમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

'દક્ષિણ'માં હાલ ચૂંટણીમાં બે-ત્રણ નેતા ૮૦-૯૦ વર્ષે સત્તાના મોહમાં ચૂંટણી લડ્યા! અડવાણી અપમાનો સહન કર્યા કરે છે પણ 'રાષ્ટ્રપતિ'ના મોહ 'છોડતાં' નથી! 'નવૃત્ત' થવામાં પણ સચ્ચાઈ અને શૌર્ય જરુરી છે.

ઓસ્ટ્રેલિયન મહાન વિકેટકિપર ગીલક્રિસ્ટે અચાનક નિવૃત્તિ લઈ લીધી. પત્રકારે એને પૂછ્યું હજુ તો તમે દસ વર્ષ સુધી સક્રિય રીતે રમી શકો તેમ છો છતાં 'નિવૃત્ત' શું કામ થઈ ગયા?

ગીલક્રિસ્ટે કહ્યું, - છેલ્લી મેચમાં હું પહેલી સ્લીપની ફિલ્ડીંગમાં હતો. એક કેચ કઠિન હતો - મેં એ ઝાલી તો લીધો પણ ત્રણ-ચાર સેકંડ મોડો પડ્યો! એટલે મને થયું હવે વધારે મોડો ન પડું વધારે મોડો ન પડું એટલે માટે નિવૃત્ત થઈ જવું જોઈએ.

પત્રકારે દલીલ કરી - આ ૩-૪ સેકન્ડનું મોડું તમારા સિવાય બીજા કોઈને પણ ધ્યાનમાં પણ આવ્યું નહીં હોય, છતાં... ગીલક્રિસ્ટ કહે, હા, એ વાત સાચી કે એ મોડા પડવાની કોઈને ખબર ન પડી, પણ મેં વિચાર્યું - આ એક-બે સેકન્ડનું મોડું જગત જાણે એ પહેલાં જ મારે 'નિવૃત્ત' થઈ જવું જોઈએ.

આવા મહાન ક્રિકેટરને આપણા સૌના સલામ.

બગદાદીનો અંત : આતંકવાદનાં વળતાં પાણી

કોઈના મૃત્યુના સમાચાર સાંભળીને આનંદ થાય ખરો? કદાચ અંગત દુશ્મનાવટમાં પણ વિવેક ખાતર મોતનો તો મલાજો જળવાતો જ રહ્યો છે. પરંતુ ઈસ્લામિક સ્ટેટના જાતે બની બેઠેલા ખલીફા અબુ બકર અલ બગદાદીના હવાઈ હુમલામાં થયેલ મોતના સમાચારથી દુનિયા આખી ગેલમાં આવી ગઈ છે. જો કે બગદાદી વિશે વારંવાર આ પ્રકારની અફવાઓ પણ ફેલાવાતી રહી છે, એટલે જ્યાં સુધી અધિકૃત કન્ફર્મેશન ન મળે ત્યાં સુધી આ એક 'વિશફુલ' જ ગણાશે.હજી એના મૃત્યુના સમાચારને અમેરિકા કે સંયુક્ત દળોનું અધિકૃત સમર્થન મળવું પાકી છે, પરંતુ ઈસ્લામિક સ્ટેટ સાથે સંલગ્ન સમાચાર સંસ્થા અલ અમાક દ્વારા પ્રસારિત થયેલી માહિતી હોઈ એ સાચી હોવાની પૂરી સંભાવના છે. બગદાદી ક્યારેક તો મરવાનો જ હતો અને એ જેટલો વહેલો મરે એટલો આતંકવાદીઓનો ખોફ ઓછો થાય એમ હતો. ગત રવિવારે ઈસ્લામિક સ્ટેટની કહેવાતી રાજધાની રક્કા (સિરિયા) માં થયેલ હવાઈ હુમલામાં એ ગંભીર રીતે ઘવાયો હતો અને સોમવારે એનું મોત થયું હોવાના સમાચાર ઈરાન અને તુર્કીના સરકારી મીડિયાએ પણ ન્યૂઝ એજન્સી અલ અમાકને ટાંકીને પ્રસારિત કર્યા હતા. ઈસ્લામિક સ્ટેટના કબજા હેઠળના મોસૂલ શહેરથી ૬૫ કિ.મી. દૂર સંયુક્ત દળો દ્વારા ભારે હવાઈ હુમલા કરાયા હતા એમાં સવિશેષ બગદાદીને ટાર્ગેટ કરવામાં આવ્યો હતો. અમેરિકામાં ચૂંટણી આવી રહી છે અને ઓબામાની રાષ્ટ્ર પ્રમુખ તરીકેની ટર્મ પૂરી થઈ રહી છે તે પહેલા આ ખૂંખાર આતંકવાદી કે જે છાશવારે અમેરિકા અને યુરોપના દેશોને ખતમ કરી નાખવાની ધમકી આપતો રહેતો હતો - એનો ખાતમો કરી નાખવો જરુરી પણ હતો. ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદનાં ઉમેદવાર શ્રીમતી હિલેરી ક્લિન્ટનને જિતાડવા માટે ઓબામા જાતે પ્રચારસભાઓ કરવા લાગ્યા છે, ત્યારે આ ખૂંખાર નરરાક્ષસને ઝબ્બે કર્યાનું ગૌરવ લઈ શકશે અને પ્રજાને પોતે અમેરિકાના દુશ્મનોને દુનિયાના કોઈ પણ ખૂણેથી શોધી કાઢી ખતમ કરી શક્યા હોવાની પ્રતીતિ કરાવી શકશે. અલ કાયદાના ઓસામા બિન લાદેનથી લઈ છેલ્લે અફઘાનિસ્તાનના તાલેબાન લીડર મુલ્લા મન્સૂરને પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને ઠાર મારવાનો વિક્રમ ધરાવતા રાષ્ટ્રપ્રમુખ માટે બગદાદીનો વધ એમના મુગટનું મોરપીંછ બની રહેશે. રિપબ્લિકન પાર્ટીના પ્રમુખ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ઓબામાને અર્ધ-મુસ્લિમ પ્રમુખ ગણાવી ઈસ્લામી આતંકવાદ પ્રત્યે કૂણી નજર રાખનારા નબળા નેતા તરીકે વગોવી રહ્યા છે ત્યારે અબુ બકર અલ બગદાદીનો ખાતમો ઓબામા માટે રાહતરુપ બની રહેશે. બગદાદીનું ઘણા જોડાયા પછી પસ્તાઈ રહ્યા હોવાના સમાચારો પણ મળતા રહ્યા છે. ત્રાસવાદની ક્રૂરમાં ક્રૂર પ્રવૃત્તિઓના વીડિયો બનાવી આખી દુનિયાને અધ્ધરજીવે રાખનારા આ આતંકના આકાના માથા પર રૂ.૧૬૮ કરોડનું ઈનામ હતું. એ ઈનામ તો હવાઈ હુમલાઓ કરનારા જાંબાઝ સૈનિકો વચ્ચે વહેંચાય ત્યારે

તંત્રીસ્થાનેથી...

આતંકવાદી સંગઠન હિંદુસ્તાન સામે ભણ ભયજનક સંકેતો આપતું રહ્યું છે. હિંદુસ્તાનને પણ તે ઈસ્લામિક સ્ટેટની હકૂમત હેઠળ આણવાનાં બણગાં ફૂંકતું રહ્યું છે. સવિશેષ કાશ્મીર ખીણમાં તો પાકિસ્તાની ઝંડાની સાથે જ આઈએસના ઝંડા પણ ફરકાવાતા રહે છે. દેશમાંથી ઘણા મુસ્લિમ યુવાનો આઈએસ સાથે જોડાવા આતુર હોવાના તથા ખરું, પણ જો બગદાદી ખરેખર માર્યો ગયો હોય તો ભારત, અમેરિકા, યુરોપ એન સવિશેષ આતંકવાદના ઓથાર તળે મરવાના વાંકે જીવી રહેલાં ઈરાક અને સિરિયા સહિતનાં રાષ્ટ્રોની તથા સમગ્ર પશ્ચિમ એશિયાની પ્રજાના માથેથી ઘણા લાંબા વખતથી ઝબૂંળી રહેલી ઘાત ટળી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

વિશ્વ યોગ દિવસ આવે છે ત્યારે...

પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

વિશ્વ યોગ દિવસ આવે છે ત્યારે આપણે યોગ વિષે થોડું સમજીએ, થોડી પૂર્વધારણાઓ અને રૂઢિઓને ક્લીઅર કરીએ. આ લખાય છે ત્યારે છાપાઓ અને હોર્ડિંગ્સ યોગ અને યોગ દિવસના કાર્યક્રમોથી ભરપૂર છે. ઉદ્યોગપતીઓથી લઈને રાજકારણીઓ, બધા જ એ દિવસે યોગ કરતા હોય તેવા ફોટાઓ પડાવશે, અને યથાશક્તિ પોતાનો (અને કદાચ યોગનો) -ચાર કરશે.

હશે, આવું બધું તો ચાલ્યા કરે. એક વાત પાક્કી કે યોગનો -ચાર -સાર વધ્યો તો છે જ. રામદેવબાબા વિષે ભલે કોઈ કેવું પણ બોલે, તેના લક્ષણો જે હોય તે, પણ એક વાત તો માનવી જ પડે કે રામદેવબાબા એ ઘરે ઘરે યોગ પહોચાડ્યું. પહેલા એવુ થતું કે મારે અનુલોમવિલોમ -ણાયામ કેવી રીતે કરાય એ દર્દીને સમજાવવું પડતું. હવે દર્દીને ખ્યાલ જ છે. ઘરે ઘરે યોગ થવા લાગ્યા છે. લોકો આસનો પ્રાણાયામ ક્રિયાઓ કરવા લાગ્યા છે. ક્રેડીટ ગોઝ ટુ રામદેવબાબા.

બીજી સારી વાત વિશ્વ યોગ દિવસ જાહેર થયો એ. પહેલેથી જ ભારત એક મિસ્ટીક દેશ તરીકે પ્રશ્ચિમિ દેશોમાં પ્રસિદ્ધ છે. યોગધ્યાન અને આયુર્વેદ ભારતની આઈડેંટીટી છે, અને તેના નામે ભલભલા ગોરખધંધાઓ પણ ચાલે છે. વિશ્વ યોગ દિવસ એ એક મહોર છે જે વિશ્વનું યોગ -ત્યેનું અનુમોદન સુચવે છે. આ એક માઈલસ્ટોન છે.

બીજી તરફ કમનસીબી એ છે કે છેલ્લા થોડા સમયથી યોગને એક કોમ્યુનલ મુદ્દો બનાવી દેવાયો છે. યોગ પ્રાણાયામ ને ધર્મ સાથે જોડી દેવા એ વિચિત્ર છે. અને આ માટે જ યોગ વિષેની થોડી પૂર્વધારણાઓ અને રૂઢિઓને ક્લીઅર કરવી પડે એમ છે.

યોગ શબ્દ યુજ ધાતુમાંથી અવતરીત છે જેનો અર્થ છે જોડવું . જયારે યોગનો અર્થ જ જોડવું થાય છે તો પછી કોમ્યુનલ માથાકૂટોને કોઈ અવકાશ ખરો..? હા, યોગ અને યોગસૂત્રો તથા સંહિતાઓની રચના હિંદુ મહાપુરૂષોએ કરી અને સંસ્કૃતમાં કરી પણ એ હિંદુઓ માટે જ છે એવું ક્યાય નથી લખ્યું. સૂફી પરંપરા ઈસ્લામનું શ્રેષ્ઠ પાસું છે, અને ઈસ્લામ ઉપરાંત બીજા ધર્મ પાળતા લોકો પણ તેનું ગાન કરી સૂફી રંગમાં ઓળઘોળ થાય છે. ટુંકમાં, નિયત રીતે યોગ કરવાથી માણસ માત્રને ફાયદો છે, એટલું સમજી લેવું.

બીજી બહુ ખોટી અને વાહિયાત માન્યતા છે તાત્કાલિક ધોરણે કુંડલિની જાગૃત કરવાની. વિદેશોમાં તો કહેવાતા યોગ એક્સ્પર્ટો અર્ધી કલાકમાં લોકોની કુંડલિની જાગૃત કરી આપતા હોય છે. એક મત પ્રમાણે જોઈએ તો ભગવદ ગીતાને યોગશાસ્ત્ર કહેવાયું છે અને શ્રીકૃષ્ણને યોગેશ્વર. ગીતામાં ક્યાય પણ છ ચક્રો અને કુંડલિનીનો ઉલ્લેખ નથી. ઈન ફેક્ટ ચાર વેદો અને ઉપનિષદોમાં પણ ક્યાંય ઉલ્લેખ નથી. યોગનાં મૂળભૂત ગ્રંથો જેવાકે પતંજલિનું યોગસૂત્ર, હઠયોગ પ્રદિપીકા, ગોરક્ષસંહિતા આદિમાં ષટ્‌ચક્રો અને કુંડલિનીનો ઉલ્લેખ છે અને તેનું બહું જ વિષદ અને સાઈંટીફીક વર્ણન છે. નિષ્ઠાવાન અને વિરક્ત યોગસાધકોના અનુભવોના આધારે પણ એમ કહી શકાય કે ચક્રો અને કુંડલિની શક્તિનું અસ્તિત્વ તો છે જ. પણ આ ચક્રોને અનુભવવા અને તેને સિદ્ધ કરવા એ સાધના છે. દિવસો, મહિનાઓ, વર્ષો લાગે. કદાચ બીજો જન્મ પણ લેવો પડે. આધ્યાત્મિક શિખરે પહોચેલા માણસોને ચક્રો અને કુંડલિનીની અનુભૂતી સહજ છે. આપણાં જેવા સામાન્ય માણસોએ આ અનુભૂતી કરવી હોય તો યોગશાસ્ત્રોને અનુસરવા પડે. રાજયોગ, અષ્ટાંગયોગ, હઠયોગ, નાદયોગ આદિ અનેક માર્ગો વડે આ અનુભૂતિ થઈ શકે. તેના ચોક્કસ સ્ટેપ્સ છે, જેની સાધના કરવાથી સમાયાંતરે વિવિધ અનુભૂતિઓ થઈ શકે. આ સાધના કરવા માટે પણ ખૂબ અનુશાસનની જરૂર છે. ટુંકમાં, અરધી કલાકમાં કુંડલિની જાગૃત ન થાય. આપણી આસપાસ પણ આવા કેટલાય કહેવાતા હિલીંગ એક્સ્પર્ટ આંટા મારે છે. થોડા જાગૃત રહેજો.

યોગ સાત્વિક અને ઉન્નતશાસ્ત્ર છે. તે નિયમીત અભ્યાસ માંગી લે છે. આસન પ્રાણાયામ હોય કે ધ્યાનની અવસ્થા, નિયમીતતા અને સાત્વિકી વૃત્તિ ખૂબ જરૂરી છે. યોગ આપણને મળેલો અદ્‌ભુત વારસો છે. તેને શક્ય તેટલો વધું પામવા માટે પ્રયત્નશીલ રહેવું.

- contact@atharvaayu.com

મેઘરાજાને તેડાં



મનના ઉમંગો

રણછોડ પરમાર

સામાન્યતઃ દર વરસે પહેલી જૂને કેરળ અને આંદામાન-નિકોબારમાં વિધિસર ચોમાસું બેસી જતું હોય છે. તે પછી એકાદ અઠવાડિયે એટલે કે સાતમી-આઠમી જૂને મેઘરાજની સવારી મુંબઈ ઈલાકામાં આવી પહોંચે છે. આ સમય દરમિયાન ગુજરાતના ખેડૂતો પોતાપોતાના ખેતર વાળીઝૂડી, સાફસૂફ કરી, ખેડીને વાવણી કરવા તૈયાર થઈને બેઠા હોય છે. સહેજે વહેલો મોડો ના હોય તો મેહૂલિયો પંદરમી જૂને ગુજરાતમાં ઊની ઊની રોટલી અને કારેલાનું શાક વાળુ ગીત સાંભળવા દોટમદોટ આવી જાય છે. આ જોડકણું જયારે બન્યું હશે ત્યારે જૂન મહિનામાં કારેલા પાકતા હતા કે નહીં એવો પ્રશ્ન હજી સુધી કોઈને થયો નથી. તો પછી આપણે અમથી પિષ્ટપેષણ શા માટે કરવી? અને હવે તો બારેમાસ બધા શાકભાજી (અરે! ભાદરવાવાળો ભીંડો સુદ્ધાં) આપણને મળવા લાગ્યા છે. અલબત્ત, ઋતુ વગરની વનસ્પતિના ભાવ આભ ઊંચેરા હોય છે એટલે ગૃહિણીઓ પાંચસોના બદલે અઢીસો ગ્રામ શાકથી ચલાવી લે છે. જો કે બીજી ચીજોના ભાવ ઓછા હોય છે એવા ભ્રમમાં આપણામાંથી કોણ રહી શકવાનો છે.

આ વરસે કેરળમાં પહેલી જૂન સુધીમાં વરસાદના છાંટા જોવા મળ્યા નથી. આ લેખ વાંચતા હશો ત્યાં સુધીમાં કમસે કમ કેરળમાં વરસાદ અવશ્ય આવી ગયો હશે. (આઠમી જૂને આવી ગયો છે.) ભારતભૂમિના ભાગ્ય થોડાંક સારા હોય તો કદાચ મહારાષ્ટ્રના બાળકો ય પહેલાં વરસાદમાં નહાવાનો લહાવો લઈ ચૂક્યા હશે! ગયા વરસે, ડોકું દુઃખી જાય એટલી જબર રાહ જોવરાવ્યા પછી છેક ચોવીસમી જૂને મેઘરાજાએ પાટનગરમાં પગલાં પાડ્યા હતા. અમે એ દિવસે મહુડી ગયા હતા. જતી વખતે ભરપૂર પરસેવાથી કપડાં ભીનાં થઈ ગયેલાં, પાછા આવ્યા ત્યારે ધોધમાર વરસાદથી કપડાં જળનીતરતા થઈ ગયા હતા. આ વરસે વાદળાં ક્યારે તેમનું વહાલ વરસાવશે એની અત્યારે કશી ખબર નથી. તેમ છતાં આવતા ગુરુવારે આપણી મુલાકાત થાય તે પહેલાં મારી અને તમારી, બંને પક્ષોની વરસાદ સાથે જરુરથી મુલાકાત થઈ ગઈ હશે. ઈશ્વર કદાચ આપણી પ્રાર્થના એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખી શકે પરંતુ મૂંગા પશુઓની અરજ એ સાંભળ્યા વગર નહીં રહે. એવી આશા રાખવામાં કશું ખોટું નથી. જન્મજાત જુઠાબોલા રાજકીય નેતાઓની વાતોમાં આપણે વિશ્વાસ મૂકતાં સહેજે અચકાતા નથી. ત્યારે આવી અજરઅમર વર્ષોથી ચાલી આવતી વાતોમાં વિશ્વાસ કરવામાં શો વાંધો હોઈ શકે? તમને એ જાણીને જરુરથી આનંદ થશે કે આઠમી જૂને ચોમાસાએ કેરળના બારણે ટકોરા મારી દીધા છે. આગળ મેં કરેલી મહારાષ્ટ્રના બાળકોના વર્ષાસ્નાન અને આવતા ગુરુવાર પહેલાં થનારી વર્ષા મુલાકાતવાળી બંને વાતો સાચી પડવાની પૂરેપૂરી સંભાવના છે. ફરીવાર મહુડીની સુખડી ખાવાનો અને પહેલા વરસાદમાં નહાવાનો તાકડો સધાવાની પણ અઢળક શક્યતાઓ છે. જો ખરેખર એવું બનશે તો 'મૌસમનો પહેલો વરસાદ ઝીલ્યો' રામ વાળું ગીત આપને સંભળાવવાનું વચન અત્યારેથી આપી દઉં છું.

પરંતુ સોનેરી સ્વપ્નાઓ જોવાથી, કેવળ બે કોળિયા વાસી ભાત વડે પીઠ સાથે ચોંટી ગયેલા પેટની ભૂખ ભાંગતી નથી. એમ વરસાદી વાદળાંની વાતો કરવાથી આ લાહ્યલાહ્ય ગરમીથી આપણી અવદશા સુધરવાની નથી. નિરંજન ભગતે 'ગ્રીષ્મ - મધ્યાહન' નામનું એક દીર્ઘ કાવ્ય લખ્યું એમાં કવિશ્રીએ ઉનાળાના તાપથી તપેલી ધરતીનું, પશુ,પંખી, પવન, અવાજ બધાનું આબેહૂબ વર્ણન કર્યું છે.

એની એક ઝલક માણો -

રુદ્ર અંબરતલે,
પંખીની પાંખ ઉડતાંય ડરતી નથી;
દૂર ને દૂર જે ઓટ સરતી હતી
શાંત સાગરજલે
ફેણ ફુત્કારતી ક્યાંક ભરતી ન'તી;
દૂર કે પાસ કે ક્યાંક ના એક તરણી હતી,
તપ્ત, બસ તપ્ત ધરણી હતી.

આમ તો મને આ આખું કાવ્ય લખી દેવાનું મન થઈ જાય છે. પણ કદાચ કાવ્ય એટલું લાંબુ છે કે મારું તો ઠીક કવિશ્રીનું નામ લખવાની ય જગ્યા ના રહે, આવું જ એક લાંબુલચક કાવ્ય ત્રિભુવન ગૌરીશંકર વ્યાસનું 'બપોર અને વંટોળ' છે. એ તો પાછું કુમારમાં છપાયેલું. કોઈ વાર આપણા લેખને થોડીક નજીકનું સ્વપ્ન જોઈએ તો સારું રહેશે. પ્રિય ભારતભૂમિના દક્ષિણ કિનારે તો વરસાદ આળી પૂંગ્યો છે એ આવતા અઠવાડિયા લગીમાં ગરવી ગુજરાતમાં ય ગરમે ઘુમવા માડશે એ લગભગ નક્કી છે. મોઢામાં સાકર જેવા સમાચાર પાછા એવા છે કે મોસમ વિભાગે આ વરસે એકસોને છ ટકા ચોમાસાના વર્તારા ભાખ્યા છે. હવે કોયલરાણી ઘડીક વિરામ લે અને મોરલા એમના ટહૂકારથી વર્ષાને વધાવે એ જરુરી છે. આપણા લોકલાડીલા કવિ વેણીભાઈ પુરોહિતે 'તેડાં' નામનું સુંદર કાવ્ય રચ્યું છે. ચહેરા પરનો પરસેવો લૂંછી આપ આ કાવ્ય વાંચો. અરે લા.ઠા. કહે છે એમ મોટેથી વાંચો. આપને મજા આવી જશે. જો સૂર સારો હશે તો સાંભળનારાને પણ મજા પડશે.

તેડાં

મોરલાનાં નોતરાં આવ્યાં
- ઓ મેઘરાજ!
વર્ષાને મોકલો!
આઠ આઠ માસ રહી આભના પિયરમાં,
સાસરિયાં સામું નથી જોયું;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
હોંસભરી વાદળીઓ હીંચતી હુલાસમાં,
ઘૂમે છે વીજ વ્યાલસોયું;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
વનની વનરાઈ ઓલા વાદળિયા દેશમાં,
નજરું નાખે ને કાંઈ જોતી;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
ઝરણાંએ ગીત ખોયાં ડુંગરની કન્દરે,
થાકી એને હું ગોતી ગોતી;
ઓ મેઘરાજા! વર્ષાને મોકલો!
વાયુના હૈયે સૂર હલકે મલ્હારના,
ઘન ઘન પથરાવ વીજ-જ્યોતિ!
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!

- વેણીભાઈ પુરોહિત

મોટાની અલ્પતા જોઈ થાક્યો છું, નાનાની મોટાઈ જોઈ જીવું છું : ઉમાશંકર જોષી

લાગણીનો મેળો

રસિક વાળંદ

જેટલો ઊંચે ગયો નાનો થયો,
સોળ આના આદમી આનો થયો!

- સલીમ શેખ 'સાલસ'

એક યુવકે એના દાદાને પૂછ્યું ; ''દાદા વર્ષો પહેલા તમે લોકો મોબાઈલ, ટેલીફોન, ઈન્ટરનેટ, ટી.વી. કે કોમ્પ્યુટર વગર કેવી રીતે જીવતા હતા? દાદાએ દીકરા સામે જોયું ને પછી હસતાં-હસતાં કહ્યું ; ''આજે તમે લોકો પ્રેમ, વિશ્વાસ , લાગણી કે સમર્પણ વગર જેવી રીતે જીવો છો એવી રીતે....''

સાંપ્રત તરફનો આ વેધક ઈશારો ઘણુંબધું કહી જાય છે. આજે જિંદગીમાં નર્યો વિરોધાભાસ જોવા મળે છે

જે વાસ્તવરૂપે આપણી નજરથી અછતો નથી....

આપણા ભવ્યને ઊંચા મકાનો છે પણ વિચારો નીચા છે. વાહનો માટે રસ્તા પહોળા છે પણ મનની ગલીઓ સાંકડી બની ગઈ છે. ઘર વિશાળ છે પણ કુટુંબ નાનાં થઈ ગયાં છે. ભણતર વધ્યું છે પણ ગણતર ઘટ્યું છે. ખર્ચ ધૂમ કરીએ છીએ પણ જરૂરિયાત મંદને મદદ કરવા આપણી પાસે પૈસા નથી

સુખ સગવડો વધી છે પણ માણવાનો સમય ઘટી ગયો છે. આપણી આસપાસ વસ્તુઓ વધારી છે પણ આપણી કિંમત ઘટાડી છે.

આમ આપણે બહારથી ઘણુ બધું મેળવ્યું છે પ...ણ... ભીતરથી સાવ ખાલી થયા!!

વાસ્તવથી વેગળો વિરોધાભાસ જોઈ આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીએ લખ્યું છે;

"મોટાની અલ્પતા જોઈ થાક્યો છું.
નાનાની મોટાઈ જોઈ જીવું છું;"

મિત્રો, અગ્રણી - પ્રિયપાત્ર - પાંચમાં પૂછાતા- સર્વવાતે સંપન્ન કહેવાતા પદ-પૈસો-પ્રતિષ્ઠા ને વધતી વય/ઉંમર ને સમાજ ''મોટા માણસ'' તરીકે બિરદાવે છે. આવા 'મોટા' જો આપણા ઓળખીતા કે સગા-સ્નેહી હોય તો તો વટ પડી જાય... ગજ ગજ છાતી ફુલાવી ચોગરદમ કહેતા ફરીએ... ને અદકેરો ગર્વ અનુભવીએ!! આ ઉજળાં કપડાંમાં લપેટાયેલી ''મોટાઈ'' તો સમય આવ્યે પરખાતી હોય છે. મોટાઈના ખ્યાલોમાં રાચતી આવી અહંમૂર્તિઓ ને જો અપેક્ષિત માન-પાન ન મળે તો શિયાવિયા થઈ જતી હોય છે. સમાજમાં સારા-માઠા પ્રસંગોએ આવા લોકો માન - મોભા ને મરતબા માટે મરતા હોય છે. જયારે કહેવાતો પેલો ''નાનો'' માણસ તો વગર બોલાવે પોતાની ફરજ પરસ્તી નિભાવી જાણે છે. પેલા 'મોટા' ઓ ને તો તકિયો - ખુરશી ન મળે તો તેમનું તેજ ઝંખવાઈ જતું નજરે ભાળ્યું છે!

ભણેલા - ગણેલા કહેવાતા well educated - સુશિક્ષિતો ને અશિસ્ત આચરતા-ને-જાહેર ભોજન વખતે થાળીઓ ઉછાળતા જોયા પણ છે. સાહિત્યના મર્મી-ને-ઉચ્ચકક્ષાના વ્યાખ્યાતા ને અન્ય સર્જક મિત્રની ટીકા - ટીપ્પણને નિંદા કરતા સાંભળ્યા છે. કહેવાતા વિદ્વદ્‌જનો પોતાના સહકાર્યકરનો તેજોદ્વેષ કરતા નિહાળ્યા છે. પોતાનો કર્મચારી પોતાનાથી આગળ ન વધે એ માટે પેંતરા રચતા, અવહેલના કરતા-ને-તક મળ્યે માનહાનિ કરતાં પણ ન અચકાતા 'મોટા અધિકારી' ને મારી સગી આંખે ભાળ્યા છે. અરે, સગા ભાઈ પાસે કડકાઈથી વ્યાજ વસૂલનારા સ્વાર્થ લંપટ ટપ્પુ પણ જોયા છે! સર્વ વાતે સુખી ગણાતા 'સન્માનનીય સમાજરત્ન' ને પૈસા માટે બધું જ ભૂલી જતા જોયા છે. અબજોની અય્યાશીમાં આળોટનારા ખમતીધરો પાસે જરા હાથ લંબાવી તો જોજો તેમનું પાણી તરત જ મપાઈ જશે!!

આ ટચૂકડી જિંદગીમાં આવું તો ઘણું ઘણું જોયું - જાણ્યું - અનુભવ્યું છે. હૈયું ચિત્કારી ઉઠે છે. આ વિસ્તરતો જતો માણસાઈનો દુકાળ ક્યાં જઈ ને અટકશે?!!

હમણાં એક મેસેજ વાંચવામાં આવ્યો
'આજે દેહમાં જીવ છે ત્યારે
સમું નથી જોતા લોકો,
અને
જેવો જીવલો ઉપડી જશે
કફન ઉઠાવી ઉઠાવીને
મોઢું જોશે...
આપણને ખબરેય નહી પડે કે
તેઓ પ્રેમ કરતા હતા
કે
ખાતરી?!

દોસ્તો, સમાજના મોટા-માંધાતાઓની વાતોતો ન્યારી છે, પેલી કહેવત છે ને, 'ડુંગર દૂરથી રળિયામણા..' છતાં આવા ઘોર અંધકારમાંય ક્યાંક માણસાઈના દીવડા જગમગતા હોય છે. હમણાં જ એક પરિચિત આવ્યા દેખાવ સાવ સામાન્ય, દીદાર સાવ ભલો-ભોળો, સાદી વાત સાદો વ્યવહાર...વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે આ ભાઈ પોતાના પરિવારના લોકો ન જાણે તેમ પોતાના મોટાભાઈના નામે દર મહીને એક હજાર રૂપિયાનું વીમા પ્રીમીયમ ભારે છે, જેની તેના મોટાભાઈ કે તેના ઘરનાને પણ ખબર નથી. આ ભોળો જણાતો માણસ કહે, 'મારે તો પટાવાળાની નોકરી છે પરંતુ કાલે મારા ભાઈને પૈસાનો થોડો ટેકો થઈ જાય તો ભયોભયો!!

આવા નિર્દભ - નિખાલસ ચહેરા જાણે કહેતા ન હોય! 'હે પ્રભુ, ભલે હિસાબમાં તું મને થોડો કાચો રાખજે પણ જિંદગીભર દિલનો સાચો રાખજે!'

દોસ્તો, ત્રણેક દાયકા પૂર્વે આ લખવૈયાને બી.એડના અભ્યાસ માટે અમદાવાદ શહેરમાં ક્યાંય આશરો ન મળ્યો ત્યારે મિલમજૂર લત્તામાં ફરિસ્તા જેવી એક ખાનદાનીએ આશરો આપ્યો ને મને માનભેર જમાડ્યો છે! બીજા એવા જ એક ભલા સદગૃહસ્થે પોતાની ગેરહાજરીમાં મને તેના પરિવારમાં સમાવી લઈ આશરો તો આપ્યો જ પ...ણ.... જરૂરિયાતટાણે ખબર પડતાંવેંત પોતાનું બચત ફંડ ઉપાડી આર્થિક મદદ કરી મને પગભર કર્યો એ કઈ રીતે ભૂલાય?!

આવા પરગજુ અદના આદમીઓની સાચૂકલી માણસાઈને અહી કૃતજ્ઞભાવે મનોમન વંદન કરું છું!

સ્પર્શમણિ

મનુષ્યનું પોતાનું શું છે?
જન્મ બીજાએ આપ્યો,
નામ બીજાએ આપ્યું,
શિક્ષણ બીજાએ આપ્યું,
સંબંધો બીજા સાથે જોડાયા,
અંતે
સ્મશાને પણ બીજા જ લઇ જશે!
તારું પોતાનું આ સંસારમાં છે શું?
જેનો તું આટલો ઘમંડ કરે છે!!!

- Rasikvaland1965@gmail.com